# જાહેરાત (પાંચમો રાઉન્ડ)

## ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ.

## કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

**(બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની તા. ૧૨/૦૪/૨૦૧૬ ની જાહેરાતના અનુસંધાને ૫ મો રાઉન્ડ)**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી તથા તા. ૩/૦૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસ.ઓ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં શિક્ષણ સહાયકની પસંદગી અંગે તા. ૧૨/૦૪/૨૦૧૬ની જાહેરાતથી હાથ ધરેલ ભરતી પ્રકીયા ૧થી ૪ રાઉન્ડ સુધી પૂર્ણ થયેલ છે. સદર ભરતી પ્રકીયામાં સમાવિષ્ટ કરેલ શિક્ષણ સહાયકોની જગ્યાઓ પૈકી ૧ થી ૪ રાઉન્ડ બાદ ખાલી રહેતી જગ્યાઓ પૈકી હાલની સ્થિતિએ જિલ્લા કક્ષાએથી ઉપલબ્ધ ખાલી જગ્યાઓ (જગ્યાઓની વિગતો વેબસાઈટ પર મુકેલ છે.)પર નામ. હાઈકોર્ટમાં દાખલ થયેલ S.C.A. NO. 12418/2018ના તા. ૧૯/૦૮/૨૦૧૯ના ચુકાદા અન્વયે સદર ભરતી પ્રકીયાનો પાંચમો (૫) રાઉન્ડની ભરતી પ્રકીયા હાથ ધરવાની થાય છે.

ઉક્ત વિગતે તા. ૧૨/૦૪/૨૦૧૬ ની જાહેરાતમાં સમાવિષ્ટ ખાલી જગ્યાઓ પૈકી હાલની સ્થિતિએ ઉપલબ્ધ ખાલી જગ્યાઓના ચાર ગણા ઉમેદવારોની યાદી (PML-1) http://gserb.orpgujarat.com વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. યાદીમાં દર્શાવેલ ઉમેદવારો પોતાના લાયકાતી ગુણપત્રકો/પ્રમાણપત્રકોની ચકાસણી માટે કોલ લેટર http://gserb.orpgujarat.com વેબસાઈટ પર તા. ૨૧/૦૯/૨૦૨૦ના સવારે ૧૦:૩૦ કલાકથી તા. ૨૭/૦૯/૨૦૨૦ના સાંજે ૧૮:૧૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકશે જેની તમામ સંબંધિતાએ નોંધ લેવી.

ડોક્યુમેન્ટ વેરીફીકેશનમાં કોલ લેટરમાં દર્શાવેલ તારીખ અને સમયે ગેરહાજર રહેનાર તેમજ કોલ લેટર ડાઉનલોડ ન કરનાર ઉમેદવારો સદર ભરતી પ્રકીયાના પાંચમા રાઉન્ડ અન્વયે પોતાનો હક્ક દાવો જતો કરવા ઈચ્છે છે તેમ માની સદર ભરતી પ્રકીયામાં તેઓનો સમાવેશ કરવામાં આવશે નહીં અને આ અંગે ઉમેદવારોની કોઈપણ લેખિત કે મૌખિક રજુઆત પણ ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

વિશેષ નોંધ http://gserb.orpgujarat.com વેબસાઈટ પર મુકેલ પર ઉમેદવારોની યાદીમાં દર્શાવેલ ઉમેદવારોના મેરીટ જેટલું કે તેનાથી વધારે મેરીટ ધરાવતા ઉમેદવારોએ અગાઉ ૧ થી ૪ રાઉન્ડ દરમ્યાન જે તે રાઉન્ડ સમયે પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપેલ હોય અને તેઓની ઓનલાઈન જિલ્લા ફાળવણી થયેલ હોય, પરંતુ તેઓના મેરીટ ફેરફારને કારણે આજ દિન સુધી શાળા ફાળવણી થઈ શકેલ ન હોય તેમ છતાં તેઓનું નામ અત્રેથી પ્રસિદ્ધ કરેલ યાદીમાં ન હોય તેવા ઉમેદવારોએ તા. ૨૧-૦૯-૨૦૨૦ના સવારે ૧૦.૩૦ કલાકથી તા. ૨૫-૦૯-૨૦૨૦ના સાંજે ૧૮.૧૦ કલાક સુધીમાં માધ્યમિક શાખા, કમિશનર શાળાઓની કચેરી, બ્લોક-૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે તમામ માન્ય આધાર પુરાવાઓ સહિત રૂબરૂમાં અરજી આપવાની રહેશે. પોસ્ટ, કુરિયર કે અન્ય કોઈપણ માધ્યમથી મોકલાવેલ અરજી વિચારણામાં લેવામાં આવશે નહી સદર રજુઆત પરત્વે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરાશે. સદર સમય મર્યાદા બાદમાં કરવામાં આવેલ કોઈપણ રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહી.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ http://gserb.orpgujarat.com વેબસાઈટ પર તા. ૨૧-૦૯-૨૦૨૦ના રોજ મુકવામાં આવશે. તેમજ હવે પછીની સૂચનાઓ (PML-2, વાંધા અરજી, ફાઈનલ મેરીટ લિસ્ટ, સ્થળ પસંદગી વગેરે) માટે સબંધિત ઉમેદવારોએ ઉપરોક્ત વેબસાઈટની નિયમિત મુલાકાત લેવાની રહેશે.

**Sd/-**
**(સભ્ય સચિવ)**
**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર**
**માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની**
**પસંદગી સમિતિ અને સંયુક્ત શિક્ષણ**
**નિયામક (માધ્યમિક) ગુ.રા. ગાંધીનગર**

માહિતી/૯૦૫/૨૦-૨૧

Scanned by CamScanner